Letter No: SJED/0297/07/2024 Dt: 24-07-2024

**દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીને મદદ કરવા માટે સલાહકાર સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file/17/2024/1248/CHH-1 Section

સચિવાલય, ગાંધીનગર

તારીખ: /૦૭/૨૦૨૪.

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં. જીએચ/એસએચ/૦૮/એપીજી/૧૦૨૦૧૭/૮૮૦૧૩/છ-૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૨/૦૬/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૨૦૮૮૩૨/છ-૧.

(3) કમિશનરશ્રી,દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરીનો તા.૨૭/૦૬/૨૦૨૪ નો પત્ર

**આમુખ :-**

ભારત સરકાર દ્વારા દિવ્યાંગોના અધિકારોના રક્ષણ તેમજ કલ્યાણ માટે અમલી કરેલ The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં. ૭૯(૭) મુજબ દિવ્યાંગો માટેના રાજ્ય કમિશનરશ્રીની મદદ માટે, રાજ્ય સરકાર દ્વારા સલાહકાર સમિતિની રચના કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. RPWD Act, 2016ની કલમ નં.૧૦૧ અન્વયે વંચાણે લીધેલ ક્રમ-(૧)માં દર્શાવેલ નોટિફિકેશનથી બનાવવામાં આવેલ, ગુજરાત દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર નિયમો, ૨૦૧૯ના નિયમ નં. ૩૧ અંતર્ગત રાજ્ય કમિશનરશ્રીને મદદ કરવા સલાહકાર સમિતિની રચના અંગેના નિયમો બનાવેલ છે. દિવ્યાંગોને લગતી વિવિધ બાબતો વિશે દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીને મદદ કરવા માટે, RPwD Act, 2016 ની અધિસૂચિમાં નિર્દિષ્ટ કરેલ અશક્તતાના પાંચેય સમૂહો પૈકી દરેકનું પ્રતિનિધિત્વ થાય તે રીતે, નિષ્ણાંતોની બનેલી સલાહકાર સમિતિની વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૨/૦૬/૨૦૨૧ના ઠરાવથી રચના કરવામાં આવેલ. ઉક્ત સમિતિની મુદ્દત પૂર્ણ થતા સમિતિની રચના કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

વંચાણે લીધેલ ક્રમાંક-(૩) ના કમિશનરશ્રી,દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરીનાં પત્ર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ના ઠરાવથી સલાહકાર સમિતિની મુદ્દત વધારવા અભિપ્રાય આપેલ છે. તદ્અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ના ઠરાવથી રચના કરવામાં આવેલ નીચે મુજબના પાંચ સભ્યોની સલાહકાર સમિતિની મુદત વધારવામાં આવે છે.

| ક્રમ | સલાહકાર સમિતિના સભ્યો | RPwD Act,2016 ની અધિસૂચિ મુજબ સંકળાયેલ અશક્તતા |
|---|---|---|
| ૧ | ડૉ. રાજેશ સોલંકી | અસ્થિવિષયક (Group-1) |
| ૨ | ડૉ. બકુલ ચંદ્રકાન્ત બુચ | બૌદ્ધિક અસમર્થતા (Group-2) |
| ૩ | શ્રી ભારવી રજનીકાંત ત્રીવેદી | માનસિક દિવ્યાંગ (Group-3) |
| ૪ | શ્રી જણસારી હેમેન્દ્ર નલિનભાઇ | Thalassemia (Group-4) |
| ૫ | શ્રીમતી આશાબેન નીતેશ સોલંકી | બૌદ્ધિક અસમર્થતા બહુવિધ દિવ્યાંગતા (Group-5) |

ગુજરાત દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર નિયમો, ૨૦૧૯ના નિયમ નં.૩૧ માં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે સમિતિના સભ્યોના હોદ્દાની મુદ્દત ખાસ કિસ્સામાં વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, બ્લોક નં-૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના સભ્યશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:P M Gameti
Section Officer
Date: 2024.07.30
13:59:50 +05:30

- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:P M Gameti
Section Officer
Date: 2024.07.30
13:59:50 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign